# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં.૧૫૪ તા.૬-૨-૨૦૧૫**

**વિષય :- શૈક્ષણિક પ્રવાસના આયોજન બાબત.**

આથી મ્યુનિ.શાળાના તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને આયોજન બાબત જણાવવાનું કે વિદ્યાર્થીઓ અભ્યાસક્રમના ભાગરૂપે શાળામાંથી વિવિધ સ્થળે પર્યટન, સ્થળ મુલાકાત, વ્યક્તિ મુલાકાત, સંસ્થા મુલાકાત-મ્યુઝીયમ/ પ્રદર્શન મુલાકાત અને પ્રવાસ કરે તે જરૂરી છે. પરંતુ તે શૈક્ષણિક હેતુઓના અનુસંધાનમાં હોય તે અનિવાર્ય છે. આ માટે બાળકોને પ્રવાસમાં લઈ જવા ઈચ્છતી શાળાઓએ આ સાથે આપેલ નિયત નમૂનાનું **શૈક્ષણિક પ્રવાસ મંજુરી પત્રક** રજૂ કરવાનું રહેશે.

**શૈક્ષણિક પ્રવાસ માટે નીચેની શરતોનું બિનચૂક પાલન કરવાનું રહેશે.**

૧. સરકારી ટ્રાન્સપાર્ટેશનનોજ ઉપયોગ કરવો અથવા

૨. ટ્રાન્સપોર્ટેશન માટે સરકાર માન્ય સલામત મુસાફરી વાહનનો ઉપયોગ કરવો.

૩. શેક્ષણિક પ્રવાસની મંજુરી માટેનું નિયત આવેદન પત્ર રજૂ કરી, માન્યતા મેળવવી.

૪. ભયજનક- જોખમી સ્થળોએ કોઈપણ સંજોગોમાં જઈ શકાશે નહીં.

૫. પ્રવાસના શૈક્ષણિક હેતુઓ, સંભવિત સ્થળોની પસંદગી, રૂટ, સમયપત્રક, અંદાજીત ખર્ચ, સમયગાળો વગેરે નક્કી કરવા માટે બીટ સુપરવાઈઝરશ્રીના માર્ગદર્શનમાં એક સમિતિ બનાવવી, જેમાં એસ.એમ.સી. સભ્યોને પણ રાખવા.

૬. નિયત નમૂનામાં તમામ વિદ્યાર્થીઓના **વાલી સંમતિપત્રક** મેળવી લેવા.

૭. કન્યાઓ માટે મહિલા શિક્ષિકાને માર્ગદર્શક શિક્ષક તરીકે પ્રવાસમાં સાથે રાખવા.

૮. દર ૨૦ વિદ્યાર્થીઓએ ૧ માર્ગદર્શક શિક્ષકે પ્રવાસમાં જવું.

૯. પ્રાથમિક સારવારની પેટી, અગત્યના સંપર્ક નબંર, પૂર્વ મંજૂરીના પત્રો, વાલીઓના સંપર્ક નંબર, એટલાસ, હોકાયંત્ર તથા જરૂરી સંદર્ભ સાહિત્ય પ્રવાસમાં સાથે જ રાખવું.

૧૦. પ્રવાસ દરમ્યાન શુધ્ધ પાણી અને યોગ્ય આહાર મળે તે સુનિશ્ચિત કરવું.

૧૧. પ્રવાસ પૂર્ણ થયે દિન-૭ માં પ્રવાસના હિસાબો તથા અહેવાલ બીટ સુપરવાઈઝરશ્રી સમક્ષ રજૂ કરવો.

૧૨. તા.૧-૨-૧૫ થી ૨૮-૨-૧૫ દરમ્યાન ગુજરાતમાં મહત્તમ બે દિવસનો પ્રવાસ કરી શકાશે.

૧૩. શાળાએ પ્રવાસ સંદર્ભની એક પ્રશ્નાવલી તૈયાર કરી તેને મંજૂરી આવેદન પત્રક સાથે જોડવી. જે માન્ય રહેથી પ્રવાસમાં જોડાનાર દરેક બાળકને પ્રવાસ શરૂ થાય ત્યારે વાહનમાં આપવી. પ્રવાસ પૂર્ણ થયે માર્ગદર્શક શિક્ષકશ્રીએ પરત લઈ લેવી. પ્રવાસ અનુકાર્ય સ્વરૂપે આ પ્રશ્નાવલી સાથે **મારો યાદગાર પ્રવાસ** શીર્ષક હેઠળ નિબંધ લખાવવો. પ્રશ્નાવલી અને લેખનકાર્યનું ગુણાંકન કરીને શાળા કક્ષાએ પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા.

૧૪. વિજેતા બાળકોની પ્રશ્નાવલી અને લેખનને શાળામાં ડિસપ્લેબોર્ડ પર મૂકવા.

૧૫. પ્રવાસમાં કરેલ અવલોકન આધારે ચિત્ર દોરાવવું.

૧૬. પ્રાર્થનામાં બે-ત્રણ વિદ્યાર્થીઓ પાસે પ્રવાસ વર્ણન કરાવવું.

૧૭. પ્રવાસ પૂર્વે તમામ વિદ્યાર્થીઓને સુચિત રૂટ, સમયપત્રક, જોવાલાયક સ્થળની ટૂંકી વિગત, સંપર્ક નંબર સહિતની પ્રવાસ માર્ગદર્શિકા આપવી.( એકથી બે પેજ)

૧૮.બાળકોની સલામતિના હેતુસર પ્રવાસના સંપૂર્ણ આયોજનની જાણ નજીકના પોલીસ સ્ટેશનને લેખિતમાં સમયસર કરવી અને પોલીસ સ્ટેશન દ્વારા ફાળવેલ પોલીસમેનને પ્રવાસમાં સાથે રાખવા.

શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
અમદાવાદ.

બીડાણ :-

૧ શૈક્ષણિક પ્રવાસ મંજુરી પત્રક

૨ શૈક્ષણિક પ્રવાસ પ્રશ્નાવલી માર્ગદર્શિકા

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

જાવકનં.............તા............

## શૈક્ષણિક પ્રવાસ મંજૂરી પત્રક

શાળાનું નામ :-.......................................

સરનામું :-.......................................

.......................................

.......................................

મુખ્ય શિક્ષકનું નામ :- ..................................

સંપર્ક નંબર :- .....................................

પ્રવાસની તારીખઃ- ....................................

પ્રવાસના દિવસઃ-.......................................

પ્રવાસનો રૂટ :- .....................................

| તારીખ | સ્થળ ક્યાંથી ક્યાં | અંતર કિ.મી | પહોંચવાનો સમય | રોકાવાનો સમય | અલ્પાહાર/ભોજન/રાત્રી રોકાણની વિગત |
|---|---|---|---|---|---|
| | અમદાવાદ થી ............... | | | | |
| | ............... થી ............... | | | | |
| | ............... થી ............... | | | | |
| | ............... થી ............... | | | | |
| | ............... થી ............... | | | | |
| | ............... થી ............... | | | | |
| | ............... થી ............... | | | | |

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

## શૈક્ષણિક હેતુઓ

| ક્રમ | પ્રવાસનું સ્થળ | મુલાકાતનો મુખ્ય શૈક્ષણિક હેતુ | વિષય | નોંધ |
|---|---|---|---|---|
| ૧ | | | | |
| ૨ | | | | |
| ૩ | | | | |
| ૪ | | | | |
| ૫ | | | | |
| ૬ | | | | |
| ૭ | | | | |
| ૮ | | | | |
| ૯ | | | | |
| ૧૦ | | | | |

## પ્રવાસ સંભવિત ખર્ચ આયોજન

| ટ્રાન્સપાર્ટેશન | ભોજન | નિવાસ | પ્રવેશ ફી | અન્ય ખર્ચ | કુલ ખર્ચ | પ્રતિ વિદ્યાર્થી કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

## પ્રવાસમાં જનારની વિગત

| ધોરણ | વિદ્યાર્થી | | | શિક્ષકો | | | શિક્ષકશ્રીનું નામ | સંપર્ક નંબર |
|---|---|---|---|---|---|---|---|---|
| | કુમાર | કન્યા | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ | | |
| ૮ | | | | | | | | |
| ૭ | | | | | | | | |
| ૬ | | | | | | | | |
| ૫ | | | | | | | | |
| ૪ | | | | | | | | |
| ૩ | | | | | | | | |
| ૨ | | | | | | | | |
| ૧ | | | | | | | | |
| કુલ | | | | | | | | |

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

## વાહનની સંભવિત વિગત

| વાહન ક્રમાંક | વાહનનો નંબર | સીટની સંખ્યા | વિદ્યાર્થીની સંખ્યા | શિક્ષકોની સંખ્યા | ટ્રાન્સપોર્ટરનું નામ | સંપર્ક નંબર |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

ઉપરોક્ત વિગતો અને પરિપત્ર નં.૧૫૪ તા.૬-૨-૧૫ ની શરતો પાલનની બાંહેધરી સાથે શૈક્ષણિક પ્રવાસ માટે મંજૂરી આપવા વિનંતી છે.

બિડાણ :- ૧. પ્રવાસમાં જનાર વિદ્યાર્થી-શિક્ષકશ્રીની યાદી
૨. વિદ્યાર્થી પ્રશ્નાવલી- શૈક્ષણિક પ્રવાસ પ્રશ્નાવલી

મુખ્ય શિક્ષક
............ શાળા નં......
તારીખ..................

પ્રતિ,
માન.શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
અમદાવાદ.

..............................................................
..............................................................
..............................................................

બીટ સુપરવાઈઝર

આસી.એ.ઓ.
..........ઝોન

મંજૂર/ નામંજૂર
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**'' શૈક્ષણિક પ્રવાસ પ્રશ્નાવલી માર્ગદર્શિકા ''**

શિક્ષકમિત્રો,

વિદ્યાર્થીઓ અત્યંત આનંદપૂર્વક પ્રવાસની મજા માણે તેનું ધ્યાન રાખીને આપ સૌએ તેને પ્રવાસ દરમ્યાન અવલોકન, તર્ક,ગોષ્ઠી,ચર્ચા,પૃચ્છા, સાઈન બોર્ડ-મેપ-વિજ્ઞપ્તિ, - માહિતી વાચનની તક મળે વિવિધ સંસાધનો (Resources) નો જાણી શકે તે માટે એક માર્ગદર્શક તરીકે મદદ કરવાની છે. આપે કોઈ પ્રશ્નોના સીધા ઉત્તર આપવાના નથી, માત્ર તેના જવાબ માટે રસ્તાઓ સૂચવવાના છે. જવાબના રીસોર્સીસ તરફ નિર્દેશ કરવાનો છે.

**પ્રશ્નાવલી માટેની જાણકારી :-**

- ❖ એક A-૪ સાઈઝનો કાગળ લઈ તેના પર હાથેથી સારા અક્ષરે લખીને અથવા ટાઈપ કરીને કોપી તૈયાર કરવી. જરૂરી સંખ્યામા ફોટોકોપી(ઝેરોક્ષ) કરાવવી.
- ❖ એક દિવસ માટે ૨૦ તથા બે દિવસ માટે ઓછામાં ઓછા ૪૦ પ્રશ્નો તૈયાર કરવા.
- ❖ પ્રશ્નની સાથે જ નીચે જ ઉત્તર લખવા જગ્યા આપવી.
- ❖ પ્રશ્નો ટૂંકા હોય, ઉત્તર ટૂંકા હોય તેમ કરવું
- ❖ સંભવિત રૂટના રેખાંકન માટે પ્રશ્નાવલીમાં જ એક રેખાંકિત નકશો મૂકી શકાય.

| | |
|---|---|
| **ઉત્તર** ⇧ | સંજ્ઞા- સૂચિ |

- ❖ પ્રશ્નોના ઉત્તરનું ખાસ મહત્વ નથી પણ તે ઉત્તર માટે વિદ્યાર્થી જે પ્રક્રિયામાંથી પસાર થાય તે તેના માટે અધ્યયન (Learning) છે. માટે પ્રવાસ દરમ્યાન તેને ખૂબ જ અધ્યયન તકો પૂરી પાડીએ. આ માટે વિચારીને પ્રશ્નો બનાવવા.
- ❖ જે-તે પ્રશ્નના ઉત્તર માટે તમે તેને કઈ પ્રક્રિયામાંથી પસાર કરાવવા માંગો છો તે પહેલેથી પ્રશ્ન બનાવનાર માટે નક્કી હોવું જોઈએ.
- ❖ સારી પ્રશ્નાવલી વિદ્યાર્થીઓને પુષ્કળ માત્રામાં અવલોકન,પૂર્વાનુભવ,તર્ક,કાર્યકારણ સબંધ,ચર્ચા, Peer Learning પ્રાશ્નિક, ગોષ્ઠી, વાચનની તકો પૂરી પાડશે.
- ❖ વિવિધ ધોરણ અને વિષયના શિક્ષકો પ્રવાસના આયોજન સંદર્ભે ચર્ચા કરો, વિદ્યાર્થીઓના Learning Exposer Point ને નક્કી કરો ત્યારબાદ સ્થળો નક્કી કરો.
- ❖ પ્રશ્નાવલીમાં કયાંક નકશો, એટલાસ, હોકાયંત્ર વાપરવાની જરૂર પડે તેનું આયોજન પણ કરી શકાય.
- ❖ વિદ્યાર્થીઓને આપવાની થતી પ્રવાસ માર્ગદર્શિકામાં રૂટ, સમયપત્રક, જોવાલાયક સ્થળ વિશેની બે-ત્રણ વાક્યમાં ટૂંકી વિગત-ફોટોગ્રાફસ(ચિત્ર) મૂકવાથી શૈક્ષણિક પ્રવાસને વધારે અસરકારક બનાવી શકાશે.
- ❖ વિદ્યાર્થીઓને પ્રશ્નાવલી વાહનમાં બેઠા પછી જ માર્ગદર્શક શિક્ષકે આપવી. પ્રવાસ પૂર્ણ થયા બાદ વાહનમાં જ પરત લઈ લેવી. તે જ પ્રશ્નાવલીમાં પ્રવાસ અનુકાર્ય સ્વરૂપે શાળામાં પ્રવાસ વર્ણન લખાવીને તેનું કુલ ગુણાંકન કરીને 'સારા પ્રવાસ અધ્યેતા'' - વિદ્યાર્થીઓને પ્રથમ, દ્વિતીય અને તૃતીય જાહેર કરી સ્થાનિક કક્ષાએ પ્રોત્સાહિત કરી શકાય.

**નમૂનાના પ્રશ્નો :-**

૧. હાલ આપણી બસ અમદાવાદથી કઈ દિશામાં જઈ રહી છે ?

૨. હાલ આપણે કયા તાલુકા/જિલ્લામાં મુસાફરી કરી રહ્યા છીએ ?

૩. આપણી બસ કયા માર્ગ પર છે ? (રાષ્ટ્રીય ધોરીમાર્ગ NH / રાજય માર્ગ SH / જિલ્લાના મુખ્ય માર્ગ DMR)

૪. ......... થી .......... નું અંતર કેટલું છે ?

૫. ................. સ્થળ તેની કઈ વિશેષતા માટે જાણીતુ છે.

૬. ........ સ્થળનું શું મહત્વ છે ? (ધાર્મિક/રાજકીય/ઐતિહાસિક/ભૌગોલિક)

૭. અહીંના લોકોની કોઈ એક વિશેષતા લખો.

૮ પ્રવાસ દરમ્યાન પ્રથમ વખત જોવા મળેલ ........નું નામ લખો. (પક્ષી/વાહન/ફૂલછોડ/પ્રાણી/સ્થળ... વગેરે)